# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, દાહોદ ખાતે ટ્રાબલ સબ પ્લાન અંતર્ગત "આધુનિક કૃષિમાં સંકલિત નીંદણ વ્યવસ્થાપન" તાલીમ કાર્યક્રમની ઉજવણી

એઆઇસીઆરપી- નીંદણ વ્યવસ્થાપન યોજના, બી.એ.સી.એ., આકૃયુ, આણંદ અને કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આકૃયુ, મુવાલીયા ફાર્મ, દાહોદ દ્વારા તારીખ ૨૧.૧૦.૨૦૧૬નાં રોજ ટ્રાયબલ સબ પ્લાન અંતર્ગત **"આધુનિક કૃષિમાં સંકલિત નીંદણ વ્યવસ્થાપન"** તાલીમ કાર્યક્રમની ઉજવણી અત્રેના કેન્દ્ર કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આકૃયુ, મુવાલીયા ફાર્મ, દાહોદ ખાતે કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં કેન્દ્રના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા ડો. યુ. એમ. પટેલે આધુનીક કૃષિમાં તાલીમનું મહત્વ, ડો. બી.ડી. પટેલ, એગ્રોનોમીસ્ટે ખરીફ પાકોમાં સંકલિત નીંદણ નિયંત્રણ અને વિવિધ પાકોમાં નીંદણ નિયંત્રણ અંગેની ભલામણો તથા નીંદણનાશકોના વપરાશની સમજ અને ગણતરી, પ્રો. ડી. ડી. ચૌધરી, જુનિયર એગ્રોનોમીસ્ટે નીંદણનો પરિચય, વર્ગીકરણ અને નીંદણ નિયંત્રણની વિવિધ પધ્ધતિઓ, પ્રો. એચ. એલ. કાચા, વૈજ્ઞાનિક (બાગાયત)એ અગત્યના બાગાયતી પાકોની ખેતી પધ્ધતિ અને નીંદણ નિયંત્રણ, ડો. એસ.કે. પટેલ, વૈજ્ઞાનિક (કૃષિ ઇજનેરી)એ વ્હિલ-હોનુ પદ્ધતિ નિદર્શન બતાવી તેના ઉપયોગ વિષે ખેડુતોને માહિતગાર કર્યા હતા. આ કાર્યક્રમમાં ઝાલોદ તાલુકાનાં કદવાલ ગામના કુલ ૪૦ ખેડુતભાઇઓએ ઉત્સાહભેર ભાગ લીધેલ હતો.




ડો. યુ. એમ. પટેલનું ઉદબોધન




ડો. બી.ડી. પટેલનું ઉદબોધન



પ્રો. ડી. ડી. ચૌધરીનું ઉદબોધન




પ્રો. એચ.એલ. કાચાનું ઉદબોધન



ડો. એસ. કે. પટેલ દ્વારા પદ્ધતિ નિદર્શન




વ્હિલ હોનુ વિતરણ